તારીખ: 03-09-2019 મંગળવાર

નોબત



## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા

# કબીર લહેર તળાવમાં નવા નીરના વધામણાં



જામનગર તા. 3: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ સરકારની સુઝલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત જામનગર ચેમ્બર, જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન, જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન, નાઘેડી-લાખાબાવળ ફેક્ટરી ઓનર્સ એસોસિએશન, એચ.જે. લાલ (બાબુભાઈ) ચેરી.ટ્રસ્ટ, સ્વામિનારાયણ સમાજ સેવા ટ્રસ્ટ, બાલા હનુમાન સંકીર્તન મંદિર, ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક, ધી કોમર્શિયલ કો-ઓ. બેંક લિ., કબીર આશ્રમ તથા અન્ય વિવિધ એસોસિએશન તથા ધાર્મિક સંસ્થાઓ વિગેરેના સહયોગથી કબીર લહેર તળાવના કાંઠા વધારવાની કામગીરી શરૂ થઈ હતી. આ કામગીરી જામનગર ચેમ્બરે ખૂબ જ ટૂંકા ગાળામાં પૂર્ણ કરી છે. તાજેતરમાં આ વિસ્તારમાં સારો એવો વરસાદ થયેલ અને લહેર તળાવ પૂર્ણ સ્વરૂપે ભરાય ગયું છે. પાળાની ઉંચાઈ વધારતા સારો એવો પાણીનો જથ્થો આવી જતા જામનગર ચેમ્બર દ્વારા પાણીનું પૂજન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર સતીષ એ. પટેલ, રાજેન્દ્ર સરવૈયા (નિવાસી અધિક કલેક્ટર) તથા મહાનુભાવોના હસ્તે ચુંદડી, નારિયેળ, ફૂલ પધારવી પાણીનું પૂજન કરાયું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં કમિશ્નર સતીષ એ. પટેલ, રાજેન્દ્ર સરવૈયા, સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા, મંત્રી અક્ષતભાઈ વ્યાસ, કિશોરભાઈ દવે, નિતેષભાઈ કોટેચા, નીતિનભાઈ કેશવાલા, સોનીલ આર. શાહ વિગેરેએ વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ચેમ્બરના તમામ હોદ્દેદારો, કારોબારી સમિતિના સભ્યો, સંસ્થાની પર્યાવરણ પેનલના સભ્યો, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, આ ભગીરથ કાર્યમાં અનુદાન આપનાર તમામ દાતાઓ, સહકારી બેંકોના પ્રતિનિધિઓ, વિવિધ ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિ તથા ગામના સરપંચ અને આગેવાનોએ પ્રેરણાબળ પૂરૂં પાડ્યું હતું.